જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૦૧/૨૦૨૧ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૯૭/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૯/૦૧/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૧૯૦	૧૧	૧૧૨૦૧	૧૭૩૨૧	૧૧	૧૭૩૩૨
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૨	૦	૪૭૦૨	૬૨૨૫	૦	૬૨૨૫
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૬૬	૦	૬૬	૨૬૬	૦	૨૬૬
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૨૮૭૩૪	૨૭	૨૮૭૬૧	૨૯૯૭૦	૩૧	૩૦૦૦૧
કુલ		૪૪૬૯૨	૩૮	૪૪૭૩૦	૫૩૭૮૨	૪૨	૫૩૮૨૫

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૧૮	૧૦,૯૬,૫૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૧૮૨	૧૧,૮૨,૦૦૦/-

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૯૮/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૧ કેસ કરી, ૪૬ વ્યક્તિઓને ઝડપી, ૧૧૪ લીટર દેશી દારૂ, ૦૭ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૫ કેસ કરી, ૦૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૮,૨૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૯૯/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૪૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડ ચોરી :- **સમાચાર યાદી નં.૨૦૦/૨૦૨૧**

ઓઢવઃ ૨વી મુકેશકુમાર વોરા (૨હે.ભાવિકનગર સોસાયટી આદિનાથનગર ઓઢવ) એ તા.૨૯/૦૧/૨૦૨૧ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૧/૨૦૨૧ રાતના ૧૦/૦૦ થી તા.૨૯/૦૧/૨૦૨૧ કલાક ૭/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોનાની ચેઇન, સોનાનુ પેડલ, સોનાની વિંટી નંગ-૨, બંગડી ઉપર લાગતી સોનીની પટ્ટી, ચાંદીના ગ્લાસ નંગ-૬, ચાંદીના સિક્કાઓની ચાર લગડીઓ, ચાંદીના સાંકડા નંગ-૬ અને રોકડ રૂપિયા ૪૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૪૧,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.ડી.ભટ્ટ ચલાવે છે.

કાગડાપીઠઃ ઉષાબહેન વા/ઓ પ્રકાશભાઇ નાયર (૨હે. ન્યુ કર્ણાવતીનગર હાડકેશ્વર મહાદેવ પાસે અમરાઇવાડી) એ તા.૨૯/૦૧/૨૦૨૧ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૧૨/૨૦૨૦ થી તા.૧૧/૧૨/૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) સુમીત ચિમનલાલ કપુર અને અમીત ચીમન કપુર (ઓફીસઃ ન્યુક્લોથ માર્કેટ કાગડાપીઠ) એ ભેગા મળી કાંકરીયા અણુવ્રત સર્કલ પાસે રાધે આર્કેટ ડીનર પોઇન્ટ ગોડાઉન નંબર-૬ ખાતે આવેલ ઉષાબહેનની "ડી.આર. એલ.લોજીસ્ટીક એન્ડ પ્રા.લી." ભાડે મેળવી, તેના બંધ ગોડાઉનનુ તાળુ તોડી ઉષાબહેનની કંપનીનો સામાન જેમાં ૩૯ કાપડના રોલ, કાપડના બંડલ, બે કોમ્પ્યુટર સેટ, બે ટેબલ, ૪ ખુરશી, ૧ વજન કંટો, ૧ દીવાલ ફેન, લાકડાનું પાટીયુ અને ફોટો ફ્રેમ મળી કુલ રૂપિયા ૧૮ થી ૨૦ લાખનો સામાન ચોરી કરી લઇ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.જે.મારૂ ચલાવે છે.

કૃષ્ણનગરઃ રમેશભાઇ વાધુમલ ગીધવાણી (રહે.ઝુલેલાલનગર શિવશંકર ગલી આશારામ આશ્રમ પાછળ ડાયમંડ મિલ સામે ઠક્કરનગર) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૦૧/૨૦૨૧ કલાક ૧૦/૦૦ થી સાજના ૭/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૪૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૬૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૦૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.એમ.ગોહિલ ચલાવે છે.

ગાડીનો કાચ તોડી ચોરી :- **સમાચાર યાદી નં.૨૦૧/૨૦૨૧**

નરોડાઃ હિરેનભાઇ અરૂણભાઇ પટેલ (રહે.ગામ-ઢુંઢર,તા-હિમતનગર,જી.સાબરકાંઠા) એ તા.૨૯/૦૧/૨૦૨૧ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૦૧/૨૦૨૧ સવારના ૧૧/૦૦ થી સાજના ૫/૩૦ વાગ્યા દરમ્યાન નરોડા એસ.પી.રીંગ રોડ સરદાર પાર્ટી પ્લોટ તથા દહેગામ સર્કલ વચ્ચે કળશ પાર્ટી પ્લોટની બાજુમાં સિલ્વેરા ગાન્ડ નામની હોટલ બહાર પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી કારમાંથી અને કારની ડેકીમાંથી નાના લેડિઝ પર્સ જેમાં રોકડ રૂપિયા ૫,૦૦૦/-, સોનાની વિંટી નંગ-૪ કિમત રૂપિયા ૬૦,૦૦૦/-, સોનાનો દોરો કિમત રૂપિયા ૩૦,૦૦૦/-, ચાંદીની પાયલ કિમત રૂપિયા ૪,૦૦૦/- અને મોબાઇલ ફોન કિમત રૂપિયા ૪,૦૦૦/- તેમજ કપડા ભરેલ થેલા અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એમ.ઠાકોર ચલાવે છે.

અપમૃત્યુ :- **સમાચાર યાદી નં.૨૦૨/૨૦૨૧**

બાપુનગરઃ બાપુનગર જૈન રક્ષાબંધન પાછળ ફૂટવાળી ચાલી ખાતે રહેતા દિપકસિહ તોમરનો ચાર વર્ષનો પુત્ર દિવ્યાંશ તા.૨૮/૦૧/૨૦૨૧ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે હીંચકાની દોરી ઉપર લટકીને રમતો હતો ત્યારે રમતાં-રમતાં હીંચકાની દોરી દિવ્યાંશના ગળાના ભાગે વીંટળાઇ જતા શ્વાસ રૂંધાઈ જતા દિવ્યાંશનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કમલેશકુમાર જગદીશપ્રસાદ ચલાવે છે.

આત્મહત્યાઃ - **સમાચાર યાદી નં.૨૦૩/૨૦૨૧**

સાબરમતીઃ મુકેશ રામનરેશ મિશ્રા (ઉ.વ.૪૦) (રહે. અધીકાર સોસાયટી પાર્ટ-૧ ડી કેબીન સાબરમતી) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૧/૨૦૨૧ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે બાથરૂમમાં છતના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડોક્ટરશ્રીએ તેર્મને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી પી.બી.રોહિત ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી